Ref: MIIL/BSE/2024
Date: 13.02.2024

To,
The Corporate Relations department
**Bombay Stock Exchange Limited**
Department of Corporate Services
P J Towers, Dalal Street, Fort,
Mumbai-400001.

**Re: Maximus International Limited**
**Script Code: 540401**

**Sub: Newspaper Publication of Corrigendum to the Notice of Extra-Ordinary General Meeting to be held on 24th February, 2024.**

Dear Sir/Madam,

We are enclosing herewith the newspaper clippings of Corrigendum to the Notice of Extra-Ordinary General Meeting (EGM) to be held on 24th February, 2024, Published in Financial Express, English language newspaper and Vadodara Samachar (Gujarati language newspaper) at Vadodara on 13th February, 2024.

The above information is also available on the website of the Company at www.maximusinternational.in

Kindly take the same on your records.

Thanking you,

Yours faithfully,
**FOR: MAXIMUS INTERNATIONAL LIMITED**

DIVYA NARENDRABHAI PRAJAPATI
Digitally signed by DIVYA NARENDRABHAI PRAJAPATI
Date: 2024.02.13 11:54:50 +05'30'

**Divya Prajapati**
Company Secretary

### રાજ્યની ૧૬૦૬ શાળા માત્ર એક શિક્ષકથી ચાલે છે

# છોટાઉદેપુરમાં ૨૮૩ અને ભરૂચની ૧૦૨ શાળાઓમાં શિક્ષકોની ભારે અછત

● અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં શિક્ષણ સાવ ખાડે ગયું છે તેના પુરાવા ખુદ ગુજરાત સરકારે વિધાનસભામાં આપ્યા છે. આ સાથે જ સરકારે સભામાં સ્વીકાર્યું કે, રાજ્યમાં ૧૩ હજાર શિક્ષકોની ઘટ છે. કોંગ્રેસ દ્વારા પૂછાયેલા સવાલોના સરકારે જવાબ આપ્યા. ૧૬૦૬ શાળાઓ એક શિક્ષકથી ચાલતી હોવાનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીના પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રી કુબેર ડીડોરે જણાવ્યું કે, ૦૬૦૬ શાળાઓ નિયમિત શાળાઓ જ છે આ શાળાઓમાં શિક્ષકને વતનનો લાભ આપવા સહિતના મુદ્દાઓને કારણે શિક્ષકોની સંખ્યા ઘટી છે, આ માટે જલ્દી ભરતી કરવામાં આવશે. અમદાવાદમાં પણ ૧૭, ભરૂચમાં ૧૦૨, બોટાદમાં ૨૯, છોટાઉદેપુરમાં ૨૮૩, દાહોદમાં ૨૦, ડાંગમાં ૧૦ અને ગાંધીનગરમાં શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. ૫.૩ ટકા શાળાઓમાં એક જ શિક્ષક હોવાનો સ્વીકાર સરકારે કર્યો છે. કોંગ્રેસના શૈલેષ પરમારે પ્રશ્ન કર્યો હતો કે, એક શિક્ષકથી શાળા ચાલતી હોય તેવી શાળાઓ ૨૦૨૨ માં ૭૦૦ હતી તેની સામે આજે એક શિક્ષકથી શાળાઓની જગ્યા વધી રહી છે. આજે આ આંકડો ૧૬૦૬ પર પહોંચી ગયો છે. શિક્ષકોની ભરતી મુદ્દે આજે ગુજરાત કોંગ્રેસ વિધાનસભામાં આક્રમક મૂડમાં જોવા મળી. કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ પોસ્ટર્સ સાથે વિરોધ પ્રદર્શન કર્યું. સાથે જ 'ભરતી કરો' ના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસ ટેટ ટાટ ઉમેદવારોના સમર્થનમાં આવ્યું છે. કોંગ્રેસે આક્ષેપ કરતા કહ્યું કે, ગુજરાતના પ્રાથમિક શાળામાં એક શિક્ષકની કેટલી સ્કૂલો ચાલે છે. ૧૬૦૬ શાળાઓ છે જે એકજ શિક્ષકોથી ચાલે છે. ૧૬૦૬ મુખ્ય શાળા છે, જેમાં ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ ભણે છે. આઈએએસ અધિકારીઓએ રીપોર્ટ કર્યો હતો કે વિદ્યાર્થીઓ વાંચી શક્તા નથી. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર કથળ્યું છે. છોટાઉદેપુર જિલ્લો અને દ્વારકામાં સૌથી વધારે એક-એક શિક્ષકથી કામ ચાલી રહ્યું છે. સરકાર બને એટલી જલ્દી ભરતી કરીશુ તેવો ઉડાઉ જવાબ આપ્યો છે. ગયા વર્ષે પણ આ જ સવાલનો જવાબ આપ્યો હતો. ગ્રામિણ ક્ષેત્રે સરકાર ગીતા ભણાવાની વાત કરે છે. ગીતા વાંચી શકે એ લાયક વિદ્યાર્થીઓ બનાવો શિક્ષકોની ભરતી તો કરો. પ્રાથમિક શાળામાં આચાર્ય કરવા તૈયાર નથી. આચાર્ય બન્યા તે રોગોના શિકાર બન્યા છે. ઘણાં લોકો વયમર્યાદા નિવૃત્તિ લીધી છે. ઓડિટ કરવા માટે પણ આચાર્યને જવાબદારી આપી છે. ભણાવા સિવાયની તમામ કામગીરી શિક્ષકો પાસેથી અત્યારે કરાવાઈ રહી છે.

કોંગ્રેસના ધારાસભ્યો વિમલ ચુડાસમાએ કહ્યું કે, પ્રશ્નોત્તરી કાળમાં મેં સવાલ કર્યો હતો કે ૧૩ હજાર શિક્ષકની ઘટ છે. ટેટની પરીક્ષા બાદ પણ ભરતી બાકી છે, જેના જવાબમાં સરકારે કોઈ જવાબ આપ્યો નથી. ગરીબ બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે અને ખાનગી શિક્ષણ તરફ સરકાર વધુ ધ્યાન આપી રહી છે.

ગુજરાતમાં એક બાજુ શિક્ષકોની તો ઘટ છે જ, પણ બીજી બાજુ ઓરડાઓની પણ ઘટ છે. વિદ્યાર્થીઓને ભણવા માટે પૂરતા ક્લાસ, સુવિધાનો અભાવ છે. અમદાવાદ શહેર અને જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૭૫૪ ઓરડાઓની ઘટ છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના પ્રશ્ન પર સરકારે જવાબ આપ્યો કે, અમદાવાદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓમાં ૨૧ ઓરડાઓની ઘટ છે. અમદાવાદ શહેરમાં ૪૪૯ સરકારી પ્રાથમિક શાળાઓ તો જિલ્લામાં ૯૮૬ સરકારી પ્રાથમિક શાળાઓ હયાત છે. ધારાસભ્ય કેયુર રોકડિયાના સવાલમાં સરકારે જવાબ આપ્યો કે, પ્રાથમિક શાળાઓની સ્વચ્છતા માટે રાજ્ય સરકાર ગ્રાન્ટની વિગતો આપતા જણાવ્યું કે, પ્રાથમિક શાળામાં ૦ થી ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે રૂપિયા એક હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે. ૧૦૧ થી ૩૦૦ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૮૦૦ રૂપિયા સહાય અપાયે છે. ૩૦૧ થી ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યામાં રૂપિયા ૪ હજાર સહાય અપાય છે. ૫૦૦ કે તેથી વિદ્યાર્થીઓ હોય તો રૂપિયા ૫ હજાર સહાય સ્વચ્છતા પેટે ચૂકવાશે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સ્વચ્છતા માટે ૫૭ લાખ ૭ લાખ ૩૧ હજાર ગ્રાન્ટ ફાળવાઈ છે.

### કારને પાછળ દોડતી એક ટ્રકે ટક્કર મારી

# અંકલેશ્વર નજીક અકસ્માત બાદ ટ્રક ચાલક પર પથ્થરથી હુમલો

● અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં વાલિયા ચોકડી નજીક અકસ્માત બાદ ટ્રક ચાલક ઉપર હુમલાની ઘટના સામે આવી છે. ઘટનાના પગલે ટ્રક ચાલક જીવ બચાવવા વાહન છોડી બહાર નીકળી ગયો હતો. ઘટનાની જાણ પોલીસ તંત્રને થતા સ્ટાફ ઘટનસ્થળે દોડી ગયો હતો.રાતના સુમારે વાલિયા ચોકડી ફ્લાયઓવર નીચે કારને પાછળ દોડતી એક ટ્રકે ટક્કર મારી હતી. આ ઘટનામાં સદનસીબે કારમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો પણ કારમાં સવાર યુવાનો રોષે ભરાયા હતા. ટ્રક ચાલકની લાપરવાહી સામે તેની ઉપર પથ્થર વડે હુમલો કરી દેવાયો હતો.

ટ્રક ચાલક બહાર નીકળી જતા તેનો પણ બચાવ થયો હતો. ઘટનાના પગલે ટ્રાફિક જામ થયો હતો.બનાવની જાણ પોલીસ તંત્રને થતા સ્ટાફ ઘટનસ્થળે દોડી ગયો હતો.

### છેતરપિંડી મામલે એક વ્યક્તિની ધરપકડ કરાઈ

# રામ મંદિરના શિખર ધ્વજનો દંડ તૈયાર કરનાર ભરત મેવાડા સાથે મોટી છેતરપિંડી થઇ

● અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં તૈયાર થયેલ અયોધ્યા રામ મંદિરના શિખર ધ્વજનો દંડ તૈયાર કરનાર ભરત મેવાડા નામના વ્યક્તિ સાથે થયેલ છેતરપિંડી મામલે એક વ્યક્તિની ધરપકડ કરાઈ છે. ૨૭મી જાન્યુઆરીના રોજ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદી ભરત મેવાડા એ પોતાની સાથે છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની આશ્રમ રોડ પર સ્થિત જમીન પર બારોબાર તેમની જાણ બહાર રૂપિયા ૫.૯૦ કરોડની લોન ઉઠાવી લેવામાં આવી હતી. આ મામલે પોલીસે પિયુષ ગોંડલીયા નામના એક યુવકની ધરપકડ કરી છે.

ઝડપાયેલ આરોપી પિયુષની પૂછપરછમાં ચોંકાવનારી હકીકત સામે આવી છે. આ કિસ્સામાં નિલેશ પટેલ નામના વ્યક્તિનું નામ સામે આવ્યું છે કે જે લોન છેતરપિંડીમાં માસ્ટર માઈન્ડ છે.

નિકોલમાં રહેતાં નિલેશ પટેલ નામના વ્યક્તિએ આરોપી પિયુષ નામના વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. પિયુષને લોનના હપ્તા ભરી જવાના કારણે પૈસાની જરૂર હતી. જેથી નિલેશ પિયુષ ને એક કંપનીના નામે લોન લેવાની બાબતે કન્વીન્સ કર્યો હતો કે આશ્રમ રોડ પરની જમીન મુંબઈની અંધેરી સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્રની બ્રાંચમાંથી રૂપિયા ૫.૯૦ કરોડની લોન મંજૂર કરાવી હતી. ખોટા શેર સર્ટિફિકેટમાં પિયુષની માતાની સહી કરાવી હતી. નિલેશ પિયુષ અને તેની માતાને સહી કરવા માટે મુંબઈ પણ લઈ ગયો હતો. લોન મંજૂર થયા બાદ મોટાભાગની રકમ માસ્ટરમાઈન્ડ નીલેશે જ પોતાની પાસે રાખી લીધી હતી. કારણ કે જે નામની કંપની બનાવીને લોન લેવાઈ હતી તે અંગે પિયુષ અજાણ હતો.

મતલબ કે આખા લોન મારફતે છેતરપિંડી આચરવાના કિસ્સામાં પિયુષ અને તેને અને તેની માતાને મોહરું બનાવી ૫.૯૦ કરોડની રકમ માંથી માત્ર ૨૨ લાખની જેટલી રકમ પિયુષને આપી હતી. તપાસમાં એ પણ હકીકત સામે આવી છે કે અગાઉ નોંધાયેલ બે ગુનામાં નિલેશ પટેલ નામના વ્યક્તિનું નામ લોન છેતરપિંડી બાબતે સામે આવી ચૂક્યું છે.

### ડેવલપમેન્ટ માટે ફરીએકવાર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો

# ખોરંભે પડેલો સુવાલી બીચના ડેવલોપમેન્ટનો પ્રોજેક્ટ ફરી શરૂ

● સુરત, તા.૧૨

સુવાલી બીચના ડેવલપમેન્ટ માટે ફરીએકવાર પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૮-૦૯માં મોટાપાયે જાહેરાત બાદ પ્રોજેક્ટને પડતો મૂકી દેવાયો હતો પરંતુ ફરી આ સ્થળને પીકનીક સ્પોટ તરીકે વિકસાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. સૂત્રો અનુસાર બીચને ૪૮ કરોડના ખર્ચે વિકસાવાશે જે અંતર્ગત ૨૪-૨૫ ફેબ્રુઆરીએ બીચ ફેસ્ટિવલનું આયોજન ચણ કરવામાં આવશે. આ અવસરે સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે ૨૪મીએ સાંજે કીર્તિદાન ગઢવીનો ડાયરો યોજાશે. બીચના વિકાસ માટે સુડાએ ૧૦ કરોડ મંજૂર કર્યા છે જ્યારે તબક્કાવાર ૩ વર્ષમાં પ્રોજેક્ટ પૂરો કરાશે. આ અગાઉ ૭ વર્ષ પહેલાં દિવાળીમાં બીચ ફેસ્ટિવલ યોજાયો હતો જોકે તે સમયે અપૂરતી સુવિધાઓની ફરિયાદ ઉઠી હતી. હવે સુવાલી સુધી ૭ કરોડના ખર્ચે નવો રસ્તો બનાવી શૌચાલય સહિતની સુવિધા બનાવાઈ રહી છે. ખાણીપીણીના શોખિન સુરતીઓ ફરવાની સાથે અહીં ખાણી-પીણીની પણ મોજ માણી શકશે

### આંજણા ફાર્મ ખાતે આવેલ જય ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં દુર્ઘટના બની

# સુરતમાં બે લોકો પર કોમ્પ્રેસર ટેન્ક પડતા એક યુવકનું મોત

● સુરત, તા.૧૨

સુરતના આંજણા ફાર્મ ખાતે આવેલ જય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આ દુર્ઘટના બની હતી. અહી બે લોકો ટેમ્પોમાં સામાન ચડાવી રહ્યા હતા ત્યારે ઉપરથી એર કોમ્પ્રેસર ટેન્ક પડ્યું હતું. જેથી બંને યુવકોને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનામાં લલન રામ મિશ્રાનું મોત થયું છે.

સુરતના આંજણા ફાર્મ જય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં બે લોકો પર કોમ્પ્રેસર ટેક્ક પડતા એક યુવકનું મોત નીપજ્યું છે. બીજી તરફ આ ઘટનાને લઈને પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. તો આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

મળતી માહિતી મુજબ સુરતના આંજણા ફાર્મ ખાતે આવેલ જય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આ દુર્ઘટના બની હતી. અહી બે લોકો ટેમ્પોમાં સામાન ચડાવી રહ્યા હતા ત્યારે ઉપરથી એર કોમ્પ્રેસર ટેક્ક પડ્યું હતું. જેથી બંને યુવકોને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનામાં લલન રામ મિશ્રા અને ટેમ્પો ચાલક પારસ માળીને ગંભીર ઈજાઓ થઈ હતી. તે પૈકી લલન મિશ્રાને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પારસ માળીને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ એમ્બ્યુલેન્સ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવને લઈને પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ જવા પામી છે. વધુમાં મૃતક લલન મિશ્રા એમ્બ્રોડરીના ખાતામાં કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે બે લોકો ટેમ્પોમાં સમાન લોડ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ કોમ્પ્રેસર ટેક્ક તેમના પર પડે છે. આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

### અસામાજીક તત્વોનો આતંક યથાવત

# સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા

● સુરેન્દ્રનગર, તા.૧૨

સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. સિરામિક કારખાનેદાર પાસે રોજની ૨૦ હજારની ખંડણી માગી હોવાનું સામે આવ્યુ છે. કારમાં આવેલા શખ્સોએ કારખાનાના વોચમેનને છરો બતાવી ધમકી આપી હતી.

રાજ્યમાં અવારનવાર અસામાજીક તત્વોનો આતંક જોવા મળતો હોય છે. ત્યારે ફરી એકવાર સુરેન્દ્રનગરમાં અસામાજીક તત્વોનો આતંક સામે આવ્યો છે. સુરેન્દ્રનગરના થાનગઢના જોગસરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. સિરામિક કારખાનેદાર પાસે રોજની ૨૦ હજારની ખંડણી માગી હોવાનું સામે આવ્યુ છે. કારમાં આવેલા શખ્સોએ કારખાનાના વોચમેનને છરો બતાવી ધમકી આપી હતી.

કારખાનેદાર સ્થળ પર ન હોવાથી વોચમેનને ધમકી આપી હતી. તેમજ શખ્સોએ કારખાનાના ગેટ સાથે કાર અથડાવીને ધમાલ કરી હતી. અસામાજીક તત્વોએ કારખાનેદારને કહ્યુ હતુ કે કારખાનું ચાલુ રાખવા રોજની ૨૦ હજારની ખંડણી માગી છે. જેની જાણ કારખાનાના માલિકે પોલીસ ફરિયાદ કરતા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ પ્રકારની ગુજરાતમાં કોઈ પહેલી નથી. આ અગાઉ પણ સુરતમાં વેપારી પાસે અસામાજીક તત્વોએ ખંડણી માગી હોવાની ઘટના સામે આવી હતી.

### કાર એટલી સ્પીડમાં હતી કે, તે પલટી ખાઇ ગઇ

# અમદાવાદમાં ઓવરસ્પીડે વધુ એકનો ભોગ લીધો

● અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં હજી તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર કરેલો ગોઝારો અકસ્માત ભૂલાતો નથી ત્યાં તો ઓવરસ્પીડને કારણે અનેક અકસ્માતો સામે આવી રહ્યા છે. શહેરમાં આવો જ એક ગોઝારો અકસ્માત નરોડાના હંસપુરમાં થયો છે. મોડી રાતે પૂરપાટ ઝડપે એક કાર જઈ રહી હતી. જેની સ્પીડ એટલી વધારે હતી કે, આખી કાર પલટી ખાઈ ગઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજ્યુ છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના નરોડાના હંસપુરમાં મોડી રાત્રે કાર અકસ્માત થયો છે. જેમા એક યુવાનનું મોત નીપજ્યુ છે. મોડી રાતે ઓવર સ્પીડ કાર હંકારતા આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. આ કાર એટલી સ્પીડમાં હતી કે, તે પલટી ખાઈ ગઈ હતી.

આ કારમાં બે યુવાન અને બે યુવતીઓ હોવાનું સામે આવ્યુ છે. જેમાંથી એક યુવાનનું ઘટનાસ્થળ પર જ મોક નીપજ્યુ છે. જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતા આ લોકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેરમાં ચકચારી તથ્યકાંડ થયો હતો. જેમા મોડી રાત્રે એક ભયાનક અકસ્માતમાં નવ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૫થી ૨૦ લોકો ઘાયલ થયા હતા. શહેરના ઈસ્કોન બ્રિજ પર થાર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેને જોવા માટે લોકો ભેગા થયા હતા. તે દરમિયાન કર્ણાવતી ક્લબ તરફતી પુરપાટ ઝડપે આવતી જેગુઆર કારે ત્યાં ઉભેલા લોકોને કચડી નાંખ્યા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં એક કોન્સ્ટેબલ અને હોમગાર્ડનું પણ મૃત્યુ થયુ હતું. આ અકસ્માત મામલે FSL દ્વારા રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે, કાર ૧૬૦ ની સ્પીડમાં હતી.

### ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાયા

# અમદાવાદમાં ૧૨ ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મુકાયા




● અમદાવાદ, તા.૧૨

સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ.જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે. સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ.જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે. લોકોમાં મુંઝવણ રહેતી હતી કે પોતાના EV વાહનોને ચાર્જ કયા કરવા, કેમકે ઘરે જે ચાર્જિંગ પોઈન્ટ હોય છે તે એટલા ફાસ્ટ હોતા નથી અથવા તમામ લોકો પાસે ચાર્જિંગની વ્યવસ્થા હોતી નથી.જેના કારણે લોકો EV વાહન ખરીદતા પહેલા વીચારતા હતા. હવે અમદાવાદના અને અમદાવાદ બહારથી ઈલેકટ્રીક વાહન લઈને શહેરમાં આવતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે.અમદાવાદમાં એકસાથે ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાવવામાં આવ્યા છે. હવે અમદાવાદ બહારથી આવનારા લોકોને EV વાહન ક્યા ચાર્જ કરવા તેની સમસ્યા રહેશે નહીં. ૨-૩ અને ૪ વ્હીલર વાહનો ચાર્જ કરવા સરળ બનશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર EV વાહનોને સતત પ્રોત્સાહન આપે છે.એના જ કારણે EV વાહનોના વેચાણમાં પણ વધારો થઈ રહ્યો છે, ત્યારે હવે અમદાવાદમાં આજથી EV વાહનોના ચાર્જિંગની સમસ્યા દૂર થઈ છે. અમદાવાદમાં પ્રહલાદનગર, ઈક્મટેક્સ બ્રિજ, સિંધુભવન સહિત ૧૨ સ્થળે ચાર્જિંગ સ્ટેશન શરુ કરવામાં આવ્યા છે.

### કચ્છમાં સ્વામીનારાયણ સંપ્રદાયના સંતે જાહેરમાં પાકિસ્તાનની જય બોલાવી

# સ્વામીએ ખુલાસો આપતાં કહ્યું- 'હું તો લોકોની પરીક્ષા લેતો હતો'

● ભુજ, તા.૧૨

હાલમાં જ ભડકાઉ ભાષણ કરનાર મૌલાના મુફ્તી સલમાન અઝહરી સામે ગુજરાતમાં ત્રણ કેસ નોંધાયા છે. ત્યારે સ્વામીનારાયણ સંતોના વિવાદિત નિવેદનો પણ સતત ચર્ચામાં રહે છે. વિવાદિત નિવેદનો કર્યા બાદ સંતોને માફી માંગવાનો પણ વારો આવ્યો છે. ત્યારે હવે કચ્છમાં એક સ્વામીનારાયણ સંતે જાહેરમાં પાકિસ્તાનની જય બોલાવી હતી. જોકે, પાકિસ્તાનની જય બોલાવીને તેમણે બાદમાં એક ખુલાસો કર્યો હતો. હાલ તેમનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાપરના ચિત્રોડ રોડ પર શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ આવેલી છે. તારીખ ૧૦ ફેબ્રુઆરીના રોજ અહીં પીએમ આવાસ યોજનના ઈ- લોકાર્પણ પ્રસંગ યોજાયો હતો. જેમાં ગુરુકુળના કેપી સ્વામી ઉપસ્થિત રહીને પ્રવચન આપ્યુ હતુ. પોતાના પ્રવચનના અંતે તેમણે ભારત માતા કી જય સાથે વિવિધ દેવી દેવતાઓનાં નામોની જય બોલાવી હતી. જેમાં લોકો પણ ઉત્સાહથી જય બોલાવી રહ્યા હતા. પરંતુ એકાએક કેપી સ્વામીએ પાકિસ્તાનનું નામ લીધું હતું. તેથી ભૂલભૂલમાં લોકો પાકિસ્તાનની જય બોલી ગયા હતા. પરંતુ આ બાદ એકદમ શાંતિ છવાઈ હતી. લોકો બોલ્યા બાદ ખબર પડી કે, પાકિસ્તાનની જય બોલ્યા.આ બાદ તરત, સ્વામીએ કહ્યું હતું કે ભારતનું અનાજ ખાવો છો, ભારતની માટી ઉપર રહો છો અને પાકિસ્તાનની જય બોલાવતા શરમ ના આવી તમને? આમ, સ્વામીના જયઘોષ બોલવતો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે.

### ફરીયાદી અગાઉ આંકડા જુગારના ધંધા કરતા હતા

# એકતાનગરના ASI 3000 રૂપિયાની લાંચ લેતા ઝડપાયો

● એકતાનગર, તા.૧૨

નર્મદા જિલ્લામાં ASI ધવલભાઈ વાડીલાલ પટેલને લાંચ રુશવત રોધી શાખા એ લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસ બેડામાં એકતાનગર પોલીસ સ્ટેશનમાં એ.એસ. આઈ. તરીકે ફરજન બજાવતા ધવલ પટેલની ૩૦૦૦ રૂપિયાની લાંચની રકમ સાથે ધરપકડ કરવામાં આવી છે.

પોલીસકર્મીએ ૩૦૦૦ રૂપિયાની લાંચની રકમની માંગણી કરી હતી જે રકમ તે સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. એસીબીએ આ રકમ આરોપી પાસેથી રિકવર કરી છે. પ્રતિમા હોટલની બાહર કેવડીયા મેઈન બજારમાં લંચના અખેલને ઝડપી પડાયો હતો. ઘટનાની વિગતો અનુસાર ફરીયાદી અગાઉ આંકડા જુગારના ધંધા કરતા હતા. આ વેપલાના જુના વ્યવહાર બાબતે આ કામના પોલીસકર્મીએ ફોન કરી ૩૦૦૦ ની લાંચની માંગણી કરેલ અને ફરી ધંધો ચાલુ કરવો હોય તો રૂબરૂ મળવા જણાવેલ હતું.આ બાબતે એસીબીનો સંપર્ક કરવામાં આવતા છટકું ગોઠવાયું હતુજેમાં લાંચની રકમ સ્વીકારતા પોલીસકર્મી રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

### ટ્રેક્ટરમાં બેસીને મજૂરો ખેતરે પહોંચે એ પહેલાં જ ટ્રોલીમાં વીજવાયર અડી જતાં ગોઝારી ઘટના બની

# સુરેન્દ્રનગરમાં વીજશોક લાગતાં ૩નાં મોત:૪ને ઈજા

● સુરેન્દ્રનગર, તા.૧૨

સુરેન્દ્રનગરના બુબવાણા પાસે મજૂરો ભરીને જતી ટ્રેક્ટરની ટ્રોલીને વીજવાયર અડી જતાં અકસ્માત થયો હતો. વીજશોક લાગતાં એમપીના ત્રણ મજૂરનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે ૬ મજૂર દાઝી ગયા હતા. તમામ મૃતકો અને ઈજાગ્રસ્તો મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાના અલીરાજપુર તાલુકાના હોવાનું સામે આવ્યું છે. વીજશોક એટલો ભયંકર હતો કે ટ્રેક્ટરના આગળનાં ચારેય ટાયરો બળી ગયાં હતાં.સુરેન્દ્રનગરના બુબવાણા પાસે આજે મોટી દુર્ઘટના ઘટી હતી. ટ્રેક્ટરની ટ્રોલીને વીજવાયર અડી જતાં વીજશોકથી ત્રણ મજૂરે જીવ ગુમાવ્યા છે તેમજ ૬ મજૂર દાઝી ગયા છે. દસાડા પીએસઆઈ વી.આઈ. ખડિયા સહિતનો પોલીસ સ્ટાફ તાકીદે બુબવાણા ગામે દોડી ગયો હતો.દસાડા પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી ત્રણેય મજૂરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાટડી સરકારી હોસ્પિટલે મોકલી આપ્યા હતા, જ્યારે ઈજાગ્રસ્ત મજૂરોને ગંભીર હાલતમાં સારવાર અર્થે વિરમગામ હોસ્પિટલમા ખાસેડવામાં આવ્યાં હતા. પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. દસાડા પીએસઆઈ વી.આઈ.ખડિયા સહિતનો પોલીસ સ્ટાફ તાકીદે બુબવાણા ગામે દોડી ગયો હતો તેમજ આ ઘટનાની જાણ થતાં પાટડી પ્રાંત કલેકટર આઈ.એ.એસ.- જયંતસિંહ રાઠોડ, પાટડી મામલતદાર જી.પી. પટેલ અને નાયબ મામલતદાર રઘુભાઈ ખાંભલા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે અને બાદમાં હોસ્પિટલે દોડી ગયા હતા. આ ટ્રેક્ટરમાં બેસીને મજૂરો ખેતરમા કાલા વીણવા જતા હતા ત્યારે આ ગોઝારી ઘટના બની હતી.બુબવાણાના સરપંચે અગાઉ ગ્રામપંચાયતના લેટર પેડ પર પીજીવીસીએલને આ નીચા વાયરો અંગે લેખિત રજૂઆત કરી હતી છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા હતા. મજૂરો ભરેલી ટ્રોલી સાથેનું ટ્રેક્ટર ગામમાંથી ખેતરે પહોંચે એ પહેલાં રસ્તામાં જ આ ગોઝારી ઘટના બની હતી.

### અમરેલી જિલ્લાના કલાકારોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુ સાથે

# અમરેલી જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં દરેક તાલુકામાંથી સ્પર્ધકો જોડાયા



● અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના કલાકારોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુ સાથે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.રાજ્યસભા સાંસદ અને કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી પરશોત્તમ રૂપાલા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા અમરેલી શહેરમાં કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય (નૂતન મિડલ સ્કૂલ)ના પ્રાંગણમાં યોજાઈ હતી.ઈફકો અને એન.સી.યુ.આઈના ચેરમેન દિલિપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા જિલ્લા કક્ષાની સ્પર્ધાના સમારોહમાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલા વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓએ પોતાની કલાકૃતિઓ રજૂ કરી હતી આ પ્રસંગે અમરેલી જિલ્લા કક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓને રજત ચંદ્રકોથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ ઉદ્ઘાટન સમારંભમાં ધોળ, લોકગીત, મંજીરા વાદન, સુગમ સંગીત અને રાસની રમઝટની પ્રસ્તુતિઓ નિહાળી હતી કાર્યક્રમનું ઉદ્ઘઘાટન કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોત્તમ રૂપાલાએ કર્યુ અને કહ્યુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ સાંસદઓને ખેલાડીઓ અને કલાકારોને મંચ આપવાના હેતુથી આ પ્રકારની સ્પર્ધાઓ યોજવાનું સૂચન કર્યુ હતું.કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ કહ્યું અમરેલી જિલ્લાને ભાષા તેમજ કલા વારસામાં મળી છે. અમરેલી એવા કવિ હંસની નગરી છે જેમણે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અંગ્રેજોની માફી ન માંગવાના બદલે જેલવાસ પસંદ કર્યો હતો. અમરેલી રમેશ પારેખની નગરી છે. કવિ કાગ, મેઘાણી, કાંત, કાનજી ભુટા બારોટ વગેરે જેવા મૂર્ધન્ય સાહિત્યકારો, કવિઓનો અમરેલીને વારસો મળ્યો છે કલા અને સંસ્કૃતિના વારસાનું સિંચન નવી પેઢીમાં થાય તેવા શુભ આશયથી આ સ્પર્ધાને ફક્ત એક વર્ષ કે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા તરીકે નહીં પરંતુ કાયમી ધોરણે યોજવામાં આવે તેવું સહિયારું આયોજન કરવામાં આવશે આ સ્પર્ધાઓ પૈકી રામસાગર, ધોળ, બેંજો, પ્રભાતિયા, મંજીરા વાદનને સાંસ્કૃતિક સ્પર્ધામાં કેન્દ્રીય મંત્રીની પ્રેરણાથી સૌ પ્રથમ વખત સ્થાન મળ્યું હતું.

### કેરી-રસિયાઓ માટે માઠા સમાચાર સામે આવ્યા છે

# ફેબ્રુઆરી મહિનો આવ્યો છતાં ગીરના આંબા પર મોર ન આવતાં ખેડૂતોમાં ચિંતા

● જૂનાગઢ, તા.૧૨

ઉનાળો શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ઉનાળો આવતાં જ લોકો ફળોના રાજા કેરીના આગમનની પણ રાહ જોતા હોય છે, પરંતુ આ વર્ષે કેરીના રસિયા માટે માઠા સમાચાર આવ્યા છે. ગીરની પ્રખ્યાત કેસર કરીના આંબા પર ફેબ્રુઆરી સુધીમાં મોર લાગી જતા હોય છે, પરંતુ ૬૦ ટકા જેટલા આંબા પર ૧૨ ફેબ્રુઆરી સુધીમાં મોર ન બેસતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. આ સ્થિતિ માટે કૃષિ વૈજ્ઞાનિકો વાતાવરણને વિલન ગણાવી રહ્યા છે. ચાલુ વર્ષે જૂનાગઢ જિલ્લામાં આંબા પર મોર ન આવતાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બે દિવસ પહેલાં જ જૂનાગઢ, તાલાલા, આંકોલવાડી સહિતના વિસ્તારમાં આવેલા આંબાના બગીચાનો સર્વે કર્યો હતો, જેમાં મોટા ભાગના બગીચાઓમાં ૩૦થી ૪૦ ટકા જેટલું જ ફ્લાવરિંગ(મોર) થયું હોવાનું સામે આવ્યું છે.કેસર કેરીના બગીચાઓમાં ફેબ્રુઆરી મહિનામાં પણ આંબા પર મોર ન આવતાં જૂનાગઢમા કેરીનો બગીચો ધરાવતા ભોલાભાઈ બગડા નામના ખેડૂતની મુલાકાત કરવામાં આવી હતી. ભોલાભાઈએ જણાવ્યું હતું કે આ વર્ષે આંબા પર મોર જ નથી આવ્યા.


## મેક્સિમસ ઈન્ટરનેશનલ લિમિટેડ

MAXIMUS INTERNATIONAL

CIN: L51900GJ2015PLC085474

રજી. ઓફીસ :– ૫૦૪એ, ઓઝોન, ડો. વિક્રમ સારાભાઇ માર્ગ, વડીવાડી, વડોદરા–૩૯૦૦૦૩, ગુજરાત

ફોન નં.: (0265) 234 5321 • વેબસાઇટ: www.maximusinternational.in • ઈમેઈલ: info@maximusinternational.in

### કોરિજેન્ડમ

મેક્સિમસ ઈન્ટરનેશનલ લિમિટેડના શેરધારકોના ધ્યાન માટે

નીચે જણાવેલ કોરિજન્ડમ માટે જારી કરવામાં આવે છે;

૧. ૨૪.૦૨.૨૦૨૪ ના રોજ યોજાનારી વિશેષ–સામાન્ય સભાની તારીખ ૦૨.૦૨.૨૦૨૪ ની નોટિસનો આઇટમ નંબર ૨ – પોઇન્ટ નંબર ૧૨ જે કંપનીના શેરધારકોને પહેલેથીજ મોકલવામાં આવ્યો છે;

"૧૨. પ્રેફરન્શિયલ ઇશ્યુ પછીની મૂડીની ટકાવારી જે તેમની પાસે હોઇ શકે છે અને પ્રેફરન્શિયલ ઇસ્યુના પરિણામે કંપનીમાં નિયંત્રણમાં ફેરફાર, જો કોઇ હોય તો.

| પ્રસ્તાવિતનું નામ ફાળવણી | શ્રેણી | પ્રેફરન્શિયલ ઇશ્યુ પહેલા | | સૂચિત મુદ્દો ઇક્વિટી શેર | પ્રેફરન્શિયલ ઇશ્યુના અનુસંધાનમાં ઇક્વિટી શેરની ફાળવણી પછી | |
|---|---|---|---|---|---|---|
| | | ઇક્વિટીની સંખ્યા રાખવામાં આવેલ શેર | % | | ઇક્વિટીની સંખ્યા રાખવાના શેર | % |
| આર્ક ફાઇનાન્સ લિમિટેડ | પબ્લિક | ૦ | ૦.૦૦ | ૧૯,૪૬,૦૦૦ | ૧૯,૪૬,૦૦૦ | ૧.૩૪ |

૨. પોઇન્ટ નંબર તરીકે પ્રેફરન્શિયલ ઇશ્યુ પહેલા અને પછી કંપનીની શેર હોલ્ડિંગ પેટર્ન, ૮ અને ૧૭ માટે આઇટમ નં. ૧ અને ૨ અનુક્રમે એક્સપ્લેનેટોરી સ્ટેટમેન્ટ (પરિશિષ્ટ–એ):

**Shareholding pattern of the Company before and after the Preferential Issue:** (Annexure-A)

| Sr. No. | Category | Pre-Issue | | Issue of Equity Shares and Convertible Warrants (Present Issue) (No.) | Post Issue Shareholding after Conversion of Warrants | |
|---|---|---|---|---|---|---|
| | | No. of Shares | % of Shareholding | | No. of Shares* | % of Shareholding |
| A. | **Promoters/ Promoter Group Holding:** | | | | | |
| 1 | Indian | | | | | |
| a. | Individuals/HUF | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| b. | Central Government/ State Government(s) | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| c. | Financial Institutions/ Banks | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| d. | Any other (Specify) | | | | | |
| | Body Corporate | 78332880 | 62.31 | 0 | 78332880 | 53.94 |
| | Other | 120 | 0.00 | 0 | 120 | 0.00 |
| | **Sub Total (A1)** | **78333000** | **62.31** | 0 | **78333000** | **53.94** |
| 2 | Foreign Promoters | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| | **Sub Total (A2)** | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| | **Total Shareholding of Promoter and Promoter Group (A)= (A)(1)+(A)(2)** | **78333000** | **62.31** | 0 | **78333000** | **53.94** |
| B. | **Public Holding:** | | | | | |
| 1 | Public | 34291845 | 27.28 | 7756000 | 42047845 | 28.95 |
| 2 | Corporate Bodies | 8010872 | 6.37 | 9756000 | 17766872 | 12.23 |
| 3 | Foreign Portfolio Investor/ FI | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| 4 | Non Resident Indian/ NRO | 1273133 | 1.01 | 0 | 1273133 | 0.88 |
| 5 | Partnership Firm/HUF | 3809945 | 3.03 | 0 | 3809945 | 2.62 |
| 6 | Alternate Investment Fund | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| 7 | Clearing Member | 1205 | 0.00 | 0 | 1205 | 0.00 |
| 8 | LLP | 0 | 0.00 | 2000000 | 2000000 | 1.38 |
| 9 | IEPF | 0 | 0.00 | 0 | 0 | 0.00 |
| | **Total Shareholding of Non- Promoter and Promoter Group (B)= (B1+B2+B3+B4+B5+B6+B7+ B8+B9)** | **47387000** | **37.69** | **19512000** | **66899000** | **46.06** |
| | **Grand Total** | **125720000** | **100** | **19512000** | **145232000** | **100** |

*Assuming full conversion of warrants into equity shares

મહેરબાની કરીને નોંધ કરો કે આ નોટિસની અન્ય બાબતો યથાવત રહેશે.

મેક્સિમસ ઇન્ટરનેશનલ લિમિટેડ માટે
સહી
દિવ્યા પ્રજાપતિ
કંપની સેક્રેટરી

તારીખ :– ૧૨/૦૨/૨૦૨૪
સ્થળ: વડોદરા